# તમારા વિશેની અંગત માહિતી ઉપર અમારે કાર્યવાહી કરવી પડે છે, જેથી અમે તમને સેવાઓ પૂરી પાડી શકીએ. તે માહિતીનું અમે આવી રીતે ધ્યાન રાખીએ છીએ.

## અમે જ્યારે તમારી પાસેથી અંગત માહિતી માગીએ છીએ ત્યારે, અમે નીચેની બાબતોનું વચન આપીએ છીએઃ

- અમને શા માટે તે જોઈએ છે તેની તમને ખબર હોય તેની ખાતરી કરવી;
- અમને જેની જરૂર હોય ફક્ત તે જ માગવું અને લાગતીવળગતી ન હોય તેવી અથવા વધારે પડતી માહિતી એકઠી ન કરવી;
- તેનું રક્ષણ કરવું અને જે લોકોને તે ન મળવી જોઈએ તેવાં કોઈને તે ન મળે તેની ખાતરી કરવી;
- તમને વધારે સારી જાહેર સેવાઓ પૂરી પાડી શકવા માટે અમારે તેની બીજી સંસ્થાઓ સાથે આપ-લે કરવાની જરૂર છે કે નહિ - અને તે માટે તમે ના પાડી શકો છો કે નહિ તેની તમને જાણ કરવી;
- અમને જરૂર હોય તેના કરતાં વધારે લાંબો સમય અમે તે ન રાખીએ તેની ખાતરી કરવી; અને
- તમારી પરવાનગી વગર તમારી અંગત માહિતી વ્યવસાયિક ઉપયોગ માટે ઉપલબ્ધ ન થવા દેવી.

## તેના બદલામાં, અમે તમારી પાસેથી આ માગીએ છીએઃ

- અમને સચોટ માહિતી આપો; અને
- તેમાં કોઈ ફેરફાર થાય, જેમ કે સરનામું બદલાય, તો અમને શક્ય તેટલી જલદીથી જાણ કરો.

આનાથી અમને માહિતી ભરોસાપાત્ર અને અદ્યતન રાખવામાં મદદ થાય છે.

## તમને નીચેના વિશે વધારે વિગતો મળી શકશેઃ

- તમારા વિશે અમારી પાસે કઈ માહિતી છે તે કેવી રીતે જાણવું અને તેમાં કોઈ ભૂલો હોય તો તે સુધારવા માટે અમને કેવી રીતે કહેવું;
- માહિતીની આપ-લે કરવા માટે બીજી સંસ્થાઓ સાથે અમારા જે કરારો છે;
- અમે તમને કહ્યા વગર તમારી અંગત માહિતી ક્યારે બીજાંને આપી શકીએ છીએ તે સંજોગો, દાખલા તરીકે, કોઈ ગુનો રોકવા અને પકડવા માટે અથવા અનામી આંકડાકીય વિશ્લેષણો કરવા માટે;
- તમારી અંગત માહિતી કેવી રીતે એકઠી કરવી, વાપરવી અને ભૂંસી કાઢવી તે વિશે અમારા કર્મચારીઓને આપેલી સૂચનાઓ;
- અમારી પાસે રહેલી માહિતી સચોટ અને અદ્યતન છે તે અમે કેવી રીતે તપાસીએ છીએ; અને
- ફરિયાદ કેવી રીતે કરવી.

## વધારે માહિતી માટે, કૃપા કરીને સંપર્ક કરોઃ

**અમે જ્યારે તમારી પાસેથી માહિતી માગીશું, ત્યારે અમે ડેટા પ્રોટેક્શન એક્ટ (માહિતી સુરક્ષાનો કાયદો) 1998 સહિતના કાયદાનું પાલન કરીશું. માહિતી સુરક્ષા, ખાનગીપણું અને માહિતીની આપ-લે કરવાની બાબતો વિશે સ્વતંત્ર સલાહ મેળવવા માટે તમે ઈન્ફોર્મેશન કમિશનરનો આ સરનામે સંપર્ક કરી શકો છોઃ Wycliffe House, Water Lane, Wilmslow, Cheshire, SK9 5AF.**
**ફોનઃ 01625 545745 ફેક્સઃ 01625 524510 ઈ-મેઈલઃ mail@dataprotection.gov.uk**
**વેબસાઈટઃ www.informationcommissioner.gov.uk**